# મતદાનની તારીખો અને લગ્નના મુહુર્તો ભેગા

## રાજકીય પક્ષો મૂંઝવણમાં મુકાયા : નેતાઓના જણાવ્યા મુજબ તેઓ લોકોને સમજાવશે કે, મતદાન કર્યા બાદ જ લગ્નમાં હાજરી આપવા માટે પહોંચજો

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન યોજાશે. ત્યારે મતદાનની તારીખો નજીક લગ્નસરાની જોરદાર સીઝન અને મોટાપાયે લગ્નોના મુહૂર્ત હોવાથી નેતાઓની મૂંઝવણ વધી છે.

જોકે નેતાઓના જણાવ્યા મુજબ તેઓ લોકોને સમજાવશે કે, મતદાન કર્યા બાદ જ લગ્નમાં હાજરી આપવા પહોંચજો. પંડિતોના મતે ૨, ૪ અને ૮ ડિસેમ્બરે રાજ્યમાં લગ્ન માટે ખૂબ મુહૂર્ત છે. જેને લઈને આ સમયગાળા દરમિયાન અસંખ્ય લગ્ન યોજાશે. તો બીજી બાજુ ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન કરવામાં આવશે. જેનું ૮ ડિસેમ્બરના રોજ પરિણામ આવશે. પંડિતોના મતે ૨૨ નવેમ્બરથી ગુજરાતમાં લગ્નસરાની સિઝનનો પ્રારંભ થશે. જે કમુર્તા સુધી ચાલશે. પરંતુ ૨૨ નવેમ્બરથી ૧૬ ડિસેમ્બર વચ્ચે મોટી સંખ્યામાં લગ્નો યોજાશે. તેમાં પણ ૨૪, ૪ અને ૮ ડિસેમ્બરએ શુભ મુહૂર્ત હવાથી ધોમ લગ્નગાળો છે. ૨૫ નવેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી લગ્ન માટે શુભ સમય છે ૧૪ ડિસેમ્બર બાદ એક મહિનો કમુર્તા હશે. ૨૮ નવેમ્બર, ૨૯ અને ૨ ડિસેમ્બર, ૪ અને ૮ ડિસેમ્બર છે. મહત્વનું છે કે, હાલ કોરોના પ્રતિબંધ ન હોવાથી મહેમાનોની સંખ્યામાં પણ મોટો વધારો જોવા મળશે.જેને લઈને આયોજકોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી તરફ લગ્ન સાથેના વ્યવસાય પાર્લર, ફોટો શૂટિંગ, કેટરર્સ, ડી,જે, સહીતના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓને પણ સારી કમાણીની આશા છે. કોંગી નેતાના જણાવ્યા અનુસાર લગ્ન બેશક મહત્વપૂર્ણ હોય છે. પરંતુ લોકશાહીનું આ પર્વ પણ મહત્વનું હોવાથી લોકોને મત આપવા માટે થોડો સમય કાઢીને સમજાવવાનો પ્રયાસ કરીશું. વધુમાં ગુજરાત આમ આદમી પાર્ટીના નેતાના જણાવ્યા અનુસાર પક્ષને ધ્યાનમાં લીધા વિના સારા ઉમેદવારને જીત અપાવવીએ તમામ લોકોની જવાબદારી છે. આથી લગ્નગાળામાંથી સમય કાઢી સારા ઉમેદવારોને જીત અપાવવા મતદાન અંગે અમે લોકોને વિનંતી કરશું.



ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન યોજાશે ત્યારે વિવિધ તંત્રો દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વિધાનસભાની ચુંટણી નજીક આવતા પોલીસ દ્વારા વાહન ચેકીંગ કરવામાં આવી રહેલ છે.

### વાઘોડિયા બેઠક ફરી એકવાર ચર્ચામાં

## વાઘોડિયાની બેઠક પરથી હું જ ચૂંટણી લડીશ : મધુ શ્રીવાસ્તવ

### મજાકમાં પત્ની ચૂંટણી લડશે એવું કહ્યું હોવાનો દાવો

વાઘોડિયા, તા.૯

વાઘોડિયાના ભાજપ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે હુંકાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે,વાઘોડિયા બેઠક પરથી હું જ ચૂંટણી લડીશ. પત્નીને લડાવવાની વાત મજાક છે. પત્ની બાજુમાં ઉભી હતી એટલે મેં મશ્કરી કરી હતી.

સતત ચર્ચામાં રહેતી વડોદરાની વાઘોડિયા બેઠક ફરી એકવાર ચર્ચામાં આવી છે. અગાઉ વડોદરાની વાઘોડિયા બેઠક પર મધુ શ્રીવાસ્તવના પત્ની ચૂંટણી લડશે તેવા અહેવાલ વહેતા થયા હતા. પરંતુ જ્યારે મધુ શ્રીવાસ્તવને આ વિશે પુછાયું તો તેમણે જણાવ્યું હતું કે વાઘોડિયા બેઠક પરથી તો હું જ ચૂંટણી લડવાનો છું, પત્નીને ચૂંટણી લડાવવાની વાત માત્ર મશ્કરી હતી.

વાઘોડિયાના ભાજપ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે હુંકાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે,વાઘોડિયા બેઠક પરથી મેં જ ચૂંટણી લડીશ.

પત્નીને લડાવવાની વાત મજાક છે. પત્ની બાજુમાં ઉભી હતી એટલે મેં મશ્કરી કરી હતી. મીડિયાના લોકો ખોટી રીતે આવી વાતો ચગાવી રહ્યા છે. ભાજપે સગા સંબંધીઓને ટિકિટ નહિ આપવાની જાહેરાત કરી છે, તો પત્ની માટે ટિકિટ કેમ માંગુ?

મધુ શ્રીવાસ્તવે અગાઉ મોટો દાવો કરીને ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી. તેમણે નિવેદન આપ્યું છે કે, હું નહીં તો મારી પત્નીને ચૂંટણી લડાવીશ. મધુ શ્રીવાસ્તવના પત્નીનું નામ સવિતાબેન છે. તેઓ બે વખત તાલુકા પ્રમુખ અને બે વખત જિલ્લા પંચાયત સભ્ય રહ્યા છે. પરંતુ પાછળથી મધુ શ્રીવાસ્તવે ફેરવી તોળ્યું હતું અને પત્નીને ચૂંટણી લડાવવાની વાત માત્ર મશ્કરી હોવાની વાત કરી હતી. તમને જણાવી દઈએ કે દબંગ નેતા મધુ શ્રીવાસ્તવ વડોદરાના વાઘોડિયાથી ધારાસભ્ય છે.

# ચૂંટણી પહેલાં ઉત્તર ગુજરાતમાં ઠાકોર સમાજનું શક્તિ પ્રદર્શન

### એક મંચ પર જોવા મળ્યા આગેવાનો : ઠાકોર સમાજ દ્વારા મહા શક્તિ પ્રદર્શન કરવામાં આવતા તેની અસર ભાજપના પાર્લામેન્ટ્રી બોર્ડ પર પણ પડી શકે

બનાસકાંઠા,તા.૯

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ જામી ગયો છે. રાજકીય પાર્ટીઓ ઉમેદવારોની યાદી જાહેર કરી રહી છે. આ વચ્ચે ઘણા સમાજ સંગઠનો પોતાની તાકાત દેખાડવા માટે શક્તિ પ્રદર્શન કરી રહ્યાં છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે આજે ઠાકોર સમાજ દ્વારા મહા શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલનમા હજારોની સંખ્યામાં દરેક સમાજના લોકો હાજર રહ્યા હતા.

ઉત્તર ગુજરાતમાં સહુથી મોટી વોટબેંક ધરાવતા ઠાકોર સમાજ દ્વારા વિધાનસભાની ચૂંટણી પહેલા આજે શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ડીસાના વેપારી આગેવાન અને ભાજપના લેબજીભાઈ ઠાકોર દ્વારા ડીસા - થરાદ રોડ પર જોરાપુરા ગામ નજીક આવેલા રાહી કોલ્ડ સ્ટોરેજ ખાતે સર્વ સમાજનું બિન રાજકીય સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું. આમ તો આ સ્નેહમિલન બિન રાજકીય હતું. પરંતુ ભાજપ અનર કોંગ્રેસના રાજકીય આગેવાનો આજે એક મંચ પર જોવા મળ્યા હતા. ડીસા વિધાનસભા બેઠક પર સહુથી વધુ મત સંખ્યા ઠાકોર સમાજની છે અને તેમ છતાં તાજેતરમાં કોંગ્રેસ દ્વારા ડીસા બેઠક પર રબારી સમાજના ઉમેદવારની જાહેરાત કરતા ઠાકોર સમાજના ઘણા આગેવાનોએ આગળ આવીને કોંગ્રેસમાંથી તેમના હોદ્દા પરથી રાજીનામાં ધરી દીધા હતા. ત્યારે ડીસા બેઠક પર પણ ભાજપ કોંગ્રેસ જેવી ભૂલ ના કરે તે માટે આજે ઠાકોર સમાજે સંગઠિત બનીને મહા શક્તિ પ્રદર્શન કર્યું હતું. માત્ર ચોવીસ કલાકમાં જ સ્નેહમિલનનું આયોજન કાટીને હજારોની સંખ્યામાં લોકોને એકત્રિત કરવામાં સફળ રહ્યા હતા.

સ્નેહ મિલનના મુખ્ય આયોજક લેબજીભાઈ ઠાકોર દ્વારા મીડિયા સાથેની વાતચીતમાં પોતે ડીસા બેઠક માટે ભાજપના દાવેદાર હોવાની વાત કરી હતી.

ડીસા ખાતે આજે ઠાકોર સમાજ દ્વારા કરવામાં આવેલા મહાશક્તિ પ્રદર્શનમાં સંતો પણ ઉપસ્થતિ રહ્યા હતા. આમ તો આ સ્નેહ મિલન બિન રાજકીય સંમેલન હતું પરંતુ નાગપુરી બાબજી દ્વારા ભાજપને ટકોર કરતા જણાવ્યું હતું કે ડીસા બેઠક પર સહુથી વધુ મત ધરાવતા ઠાકોર સમાજને જો ઉમેદવાર તરીકે જાહેર કરવામાં નહી આવે તો તેનું ગંભીર પરિણામ પક્ષને ભોગવવું પડી શકે તેમ છે.

ડીસા વિધાનસભા બેઠક પર આજે ઠાકોર સમાજ દ્વારા મહા શક્તિ પ્રદર્શન કરવામાં આવતા તેની સીધી અસર ભાજપના પાર્લામેન્ટ્રી બોર્ડ પર પણ પડી શકે છે. કારણ કે આ સંમેલન બાદ ભાજપનું મોવડી મંડળ વિધાનસભાના ઉમેદવારની જાહેરાત માટે નવા સમીકરણો વિચારશે, તો નવાઈ નહિ.

## ગોપાલ ઈટાલિયા કતારગામ અને મનોજ સોરઠીયા કરંજથી ચૂંટણી લડશે

### આપના કેજરીવાલે ટ્વિટ કરીને માહિતી આપી રાજકારણમાં યુવાનોની ભાગીદારી જરૂરી છે

સુરત, તા.૯

ગુજરાત ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ તમામ પક્ષો પોતાના ઉમેદવારોની પસંદગી કરી રહ્યા છે. ત્યારે આપનાં અરવિંદ કેજરીવાલે ઉમેદવારોની જાહેરાત કરતા જણાવ્યુ છે કે, ગોપાલ ઈટાલિયા સુરતના કતારગામ વિધાનસભા અને મનોજ સોરઠીયાને કરંજ વિધાનસભાથી ચૂંટણી લડશે. નોંધનીય છે કે, મંગળવારે જ આપ દ્વારા ચૂંટણી માટે ઉમેદવારોની ૧૨મી યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં કુલ સાત ઉમેદવારોનાં નામ જાહેર કરવામાં આવ્યા હતા. આપના સંયોજક અને દિલ્હીનાં મુખ્યમંત્રીએ ટ્વિટ કરીને માહિતી આપી છે કે, ’રાજકારણમાં યુવાનોની ભાગીદારી જરૂરી છે. ગુજરાતમાં અમારા પ્રદેશ પ્રમુખ અને લોકપ્રિય યુવા શ્રી ગોપાલ ઈટાલિયા સુરતની કતારગામ વિધાનસભાથી ચૂંટણી લડશે અને પ્રદેશ મહામંત્રી શ્રી મનોજ સોરઠીયા કરંજ વિધાનસભાથી ચૂંટણી લડશે. ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ ૨૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને સાંસદ સંજય સિંહ અને રાઘવ ચઢ્ઢા ગુજરાતમાં છઈઁના સ્ટાર પ્રચારક છે. ક્રિકેટર અને પંજાબના રાજ્યસભા સાંસદ હરભજન સિંહ પણ સ્ટાર પ્રચારક તરીકે ગુજરાતમાં પાર્ટીનો પ્રચાર કરશે. છઈઁના સીએમ ચેહરો ઈસુદાન ગઢવી અને ગુજરાતમાં પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયા , મનોજ સોરઠિયા, અલ્પેશ કથીરિયા અને યુવરાજ જાડેજા પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. ગુજરાત માટે છઈઁના સ્ટાર પ્રચારકોની યાદીમાં પંજાબ સરકારના બે મહિલા મંત્રીઓ બલજિંદર કૌર અને અનમોલ ગગન માનનું પણ નામ છે.

### મોરબી બ્રિજ હોનારત બાદ લોકોમાં આક્રોશ

## પ્રચારમાં નિકળેલી ભાજપની રીક્ષા અટકાવી લોકોએ નેતાને ઠપકાર્યા

### લોકોના રોષથી બચવા માટે આગેવાન દોડ્યા હતા સમજાવવા છતાં મારવા માટે લોકોનું ટોળું પાછળ દોડ્યું

મોરબી, તા.૯

મોરબી પુલની દૂર્ઘટના થયા બાદ નાગરીકોમાં જબરજસ્ત આક્રોશ ફેલાયો છે. વિધાનસભાની ચૂંટણી કરવા માટે પ્રચારમાં ગયેલા ભાજપના આગેવાનોને તેનો કડવો અનુભવ થઈ રહ્યો છે. રીક્ષામાં ભાજપનો ભગવો લહેરાવી માઈકના ભૂંગળા રાખીને ભાજપના ઉમેદવારને જીતાડવાની અપીલ કરતા ભાજપના આગેવાનની રીક્ષાને લોકોએ રોકી હતી. તેમજ તેમને મેથીપાક આપ્યો હતો. લોકોના રોષથી બચવા ભાજપનો આગેવાન રીતસરનો દોડ્યો હતો. તેને મારવા માટે લોકોનુ ટોળું તેની પાછળ થયુ હતુ. ભાજપના પ્રશાંત સમલભાઈએ એક તબક્કે લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જેને કારણે લોકો વધુ ઉશ્કેરાયા હતા. જેમાં મહિલાઓએ પણ આગેવાનની પાછળ દોડીને બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો. જેયાર કેટલાક યુવાનોએ લાકડી લઈને તેને બેફામ રીતે ફકકાર્યો હતો. આગળ ભાગ્યા બાદ અન્ય જગ્યાએ ઉભેલા લોકોએ પણ હાથ સાફ કર્યો હતો. કેટલાય લોકોએ પોતાના મોબાઈલ ફોનથી તેનુ રેકોર્ડીગં કર્યુ હતુ. પોણા બે મિનિટનો આ વીડિયો સોશિયલ મીડિય પર વાઈરલ થયો છે. ચૂંટણીના પ્રચાર માટે જઈ રહેલા ભાજપના નેતાઓની હાલત આગામી દિવસોમાં કેવી થવાની છે તેનુ આ સેમ્પલ છે એવી કોમેન્ટ લોકો કરી રહ્યાં છે. મોરબી પુલની દૂર્ઘટનામાં ૧૫૦થી વધુ લોકોના મૃત્યુ થયા હતા. ચૂંટણી પર તેની વિપરીત અસર થવાની સંભાવના છે.

### પૂર્વ સાંસદ સ્વ.જશુભાઈ બારડના ભાઈ એવા

## કોંગ્રેસના વધુ એક સિનિયર નેતા ભગા બારડનું રાજીનામુ



અમદાવાદ, તા.૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે. આમ તો વરસાદની સિઝન પુરી થઈ ગઈ છે પંરતુ ચૂંટણી પુર્વે જ કોંગ્રેસના ધારાસભ્યોના રાજીનામાનો વરસાદ શરુ થયો છે. ગઈ કાલે સૌથી વધુ ટર્મ માટે ધારાસભ્ય રહી ચુકેલા મોહનસિંહ રાઠવા બાદ આજે કોંગ્રેસના વધુ એક સિનિયર નેતા ભગાભાઈ બારડે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. જેનાથી કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. ભગવાન બારડ સૌરાષ્ટ્ર આહીર સમાજના અગ્રણી એવા પૂર્વ સાંસદ સ્વ.જશુભાઈ બારડના ભાઈ છે. તાલાલાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ પક્ષપલટો કરે તેવી સંભવાનાઓ સેવાઈ રહી હતી. તેમનો પરિવાર વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલો છે. સ્વ.જશુભાઈ અને ભગવાનભાઈ બારડના પિતાજી ધાનાભાઈ માંડાભાઈ બારડ કોંગ્રેસી આગેવાન હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, કોંગ્રેસના આ કદાવર નેતા છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસથી નારાજ હોવાની માહિતી પણ સામે આવી રહી છે.

## ઉમેદવાર જીત માટે સામા પક્ષના ઉમેદવારની જાસૂસી કરાવે છે

### ચૂંટણીમાં જીત માટે જાસૂસી : ઉમેદવારના ગુનાહિત ઈતિહાસ સહિત પ્રેમ પ્રકરણથી બ્લેકમેલ કરવાની અત્યારે હોડ જામી છે

ગાંધીનગર,તા.૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે ત્યારે મતદાનની તારીખોનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયો છે. જેના કારણે તમામ રાજકીય પક્ષો ચૂંટણી જીતવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. તમામ રાજકીય પક્ષોએ વિધાનસભાની ચૂંટણીને લઈ પ્રચાર અભિયાનને તેજ બનાવ્યું છે. રાજકીય પક્ષો મતદારોને આકર્ષવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. રાજકીય ધમાચકડીને લઈ મહત્વની માહિતી સામે આવી છે કે, ઉમેદવારોને જીતાડવા માટે અકબીજા પોતાના વિરોધ પક્ષના ઉમેદવારો પર જાસૂસી કરાવી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રસાકસીનો જંગ જામ્યો છે. ચૂંટણીની તારીખ જાહેર થઈ ગયા બાદ ઉમેદવારના નામ જાહેર થઈ રહ્યા છે. ઉમેદવારના નામ જાહેર થવાની સાથે જાસૂસ પણ સક્રિય થઈ ગયા છે. ઉમેદવાર જીત માટે અકબીજાના વિરોધ પક્ષના ઉમેદવારો પર જાસૂસી કરાવી રહ્યા છે. ઉમેદવારનો ભૂતકાળ, પ્રેમ પ્રકરણ કે ગુનાહિત ઈતિહાસની કુંડળીની સાથે આર્થિક રીતે કેવી રીતે મજબૂત થઈ રહ્યા છે તેની પર જાસૂસ નજર રાખી રહ્યા છે. કોંગ્રેસ અને આપ પાર્ટીએ ઉમેદવારોના કેટલાક નામો જાહેર કર્યા છે ત્યારે ભાજપ ટૂંક સમયમાં ઉમેદવારોના નામ જાહેર કરી શકે છે ત્યારે ડિટેક્ટિવ એજન્સી ધરાવતા વિશાલભાઈ ત્રિવેદીનો જાસૂસી મામલે ખુલાસો સામે આવ્યો છે તેમણે કહ્યું વિરોધ પક્ષના ઉમેદવારની જન્મકુંડળી કાઢવા નેતાઓ અમારો સંપર્ક કરે છે ઉમેદવાર જીત માટે સામા પક્ષના ઉમેદવાર પર જાસૂસી કરાવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ઉમેદવારના ગુનાહિત ઈતિહાસ સહિત પ્રેમ પ્રકરણથી બ્લેકમેલ કરવાની અત્યારે હોડ જામી છે.

### નર્મદાનું પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટા ખર્ચની યોજના હાથ ધરવામાં આવી છે. પરંતુ પાણીનું વિવિધ ટીપી સ્કીમના વિસ્તારમાં વ્યવસ્થાપન કરવા માટે નજીકના વિસ્તારમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, અન્ડર ગ્રાઉન્ડ સમ્પ તથા નેટવર્ક ઉભા કરવાનું અનિવાર્ય બની રહે છે.

સરગાસણ, કુડાસણ અને પોર વિસ્તારને સાંકળતી ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૭ના વિસ્તારમાં ગુડાને મળેલી કપાતની જમીન પૈકીના પ્લોટ નંબર ૮૪માં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, અન્ડર ગ્રાઉન્ડ સમ્પ તથા નેટવર્ક ઉભૂ કરવામાં આવે તો સાનુકૂળ રહે તેમ છે. પરંતુ આ પ્લોટ રહેણાંક હેતુના વેચાણ માટે નો છે આ જગ્યાએ સમ્પ બાંધવો હોય તો પ્લોટના હેતુને સામાજીક માળખાકીય સુવિધાના હેતુમાં ફેરબદલ કરવાનું જરૂરી છે અગાઉ મળેલી બોર્ડ બેઠકમાં સર્વાનુંમતે નિર્ણય લવાયો હતો જેમાં હેતુ ફેર કરવાની પ્રક્રિયા કરવા માટે મંજુરી અપાઈ છે . આ કાર્યવાહી પૂર્ણ થયેથી યોજનાનું આગળ કામ હાથ ધરાશે જો કે ગુડા દ્વારા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, અન્ડર ગ્રાઉન્ડ સમ્પ તથા નેટવર્ક માટે ખર્ચ અંદાજ તૈયાર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. હેતુ ફેરની મંજુરી મળવા સાથે ઓનલાઈન ટેન્ડર કરીને કામ શરૂ કરવા માટે પણ આયોજન કરાયું છે

### ઓબ્ઝર્વર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચ દ્વારા પહેલીવાર એક્સેસ એબીલીટી ઓબ્ઝર્વરની નિયુક્તી કરી છે. જે પીડબલ્યુડી વોટર્સને અપાતી સુવિધાઓ પર સીધી નજર રાખશે. જિલ્લામાં આ વખતે પાંચ દિવ્યાંગ મતદાન મથકો પણ બનાવવામાં આવનાર છે.

એક્સેસ એબીલીટી માટે ગુજરાત કેડરના સનદી અધિકારી આર.બી. બારડને મુકવામાં આવ્યા છે.

આ ઓબ્ઝર્વરે જિલ્લાની મુલાકાત લઈ લીધી છે એટલુ જ નહિ તેમણે તંત્ર દ્વારા કરાયેલ તૈયારીઓની એક બેઠક યોજી સમીક્ષા પણ કરી લીધી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના અલગ નિરીક્ષકની નિમણુંક એકાદ દિવસમાં થઈ જશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

### કામો પર બ્રેક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ ગઈ હોય પરંતુ જે કામો માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યા ન હતાં. તેવા એક પણ કામ હવે શરૂ કરી શકાશે નહીં. અધિકારી સુત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટ લાઈટ સહિતના એવા કામો જેના વર્ક ઓર્ડર તારીખ ૩ના બપોર પહેલા આપી દેવાયા હોય તેવા કામ કરી શકાશે. આ ઉપરાંત પ્રગતિ હેઠળના કામોને આગળ ધપાવી શકાશે. પરંતુ બાકીના મંજુર થયેલા કામ પણ હવે હાથ ધરી શકાશે નહીં. મતલબ કે હવે ૧૦મી ડિસેમ્બરે ચૂંટણી પ્રક્રિયા પુરી થયેલી જાહેર કરવામાં આવ્યા બાદ જાહેર સુવિધાના નવા કામ હાથ ધરવામાં આવશે.

### પડઘો પડ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો લીંબુ પાણી સમર્થકને અપાય તો તેનો ભાવ ૧ ગ્લાસના રૂ. ૧૫ અને દહી છાશ (૧૫૦ મી.ગ્રા.) અપાય તો રૂ. ૧૦નો ભાવ નિયત કરવામાં આવેલ છે.

ગુજરાતી થાળી જમાડવામાં આવે તો રૂ. ૧૦૦નો દર નિયત કરવામાં આવેલ છે. ૨૦૧૭માં આ સાદી થાળીનો ભાવ રૂ. ૭૦ હતો આમ રૂ. ૩૦નો ભાવ વધારો જોવા મળે છે.

ગુજરાતી થાળી મિઠાઈ અને ફરસાણ સાથે પિરસવામાં આવે તો તેનો ભાવ રૂ. ૨૨૦ નિયત કરવામાં આવેલ છે. ૨૦૧૭માં આ ડીસનો ભાવ રૂ. ૮૦ જ હતો. આમ રૂ. ૧૪૦નો ભાવ વધારો કરાયો છે.

શિયાળાની સિઝનમાં આ જંગ યોજાઈ રહ્યો હોવાથી કાર્યાલયમાં રખાયેલ ગાદી-ગાદલા, ઓશિકા, કારપેટના એક નંગનો ભાડુ દૈનિક રૂ. ૫૦ તેમજ બ્લેન્કેટનું ભાડુ એક દિવસનું રૂ. ૫૦ નિયત કરવામાં આવ્યુ છે. કાર્યાલયમાં રાખેલ ટીપોઈનું ભાડ રૂ. ૩૦૦ નિયત કરવામાં આવ્યુ છે.વી.આઈ.પી. ખુરશીનું ભાડુ એક નંગનું એક દિવસનું રૂ. ૨૫૦નો દર, સોફાસેટ (ટુ સીટર) એક નંગ રૂ. ૩૦૦ નિયત કરવામાં આવેલ છે.

પી.વી.સી. ચેરનું ભાડુ એક નંગનું દિવસનું રૂ. ૧૦ નિયત કરવામાં આવ્યુ છે. ૨૦૧૭માં ખુરશીનું ભાડુ રૂ. ૭.૫૦ નિયત કરવામાં આવ્યુ હતુ.

ચૂંટણીસભામાં પોડિયમ, ગેટ, સ્ટીલ સ્ટ્રક્ચર તેમજ બામ્બુ સ્ટ્રકચરના પણ ભાવ નિયત કરવામાં આવ્યા છે.

ચૂંટણી ખર્ચના રજીસ્ટરોને ચકાસતી વખતે આ શેડો રજીસ્ટરમાં નિયત થયેલા ભાવ સાથે ઉમેદવાર દ્વારા થયેલ ખર્ચની સરખાણણી કરવામાં આવશે.

ચૂંટણી ખર્ચ માટેના નિરીક્ષકો આજે આવી રહ્યા છે. તેમની સામે આ ભાવપત્રક મુકવામાં આવશે. આ નિરીક્ષકો ગાંધીનગર જિલ્લાની બે સંવેદનશીલ બેઠકો જે જાહેર કરાઈ છે તેની વિગતો મેળવશે આ ઉપરાંત સંવેદનશીલ પોકેટ્સ અંગેની વિગતો પણ મેળવશે.

### નીરવ મોદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાખવાની ધમકી આપી છે તેવો આરોપ પણ મુકવામાં આવ્યો છે. લંડનની કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે નીરવ મોદીનું પ્રત્યાર્પણ કરવામાં આવે તો તે અન્યાયી કે અત્યાચારી નહીં ગણાય. મોદી ઘણા સમયથી યુકેમાં છે, અને ભારત જવું ન પડે તે માટે તેમણે જુદી જુદી દલીલો કરી છે. તેમણે પોતાની નબળી માનસિક સ્થિતનું કારણ આપીને કોર્ટ કેસથી બચવા માટે પ્રયાસ કર્યો છે. ભારત અને યુકે વચ્ચે ૧૯૯૨માં પ્રત્યાર્પણ અંગે સંધિ કરવામાં આવી હતી જેથી આ કરારના આધારે યુકે નીરવ મોદીની ભારતને સોંપણી કરે તેવી શક્યતા છે. નીરવ મોદી હવે યુકે કોર્ટના આ ચુકાદા સામે અપીલમાં જઈ શકે છે. આ માટે તેમની પાસે ૧૪ દિવસનો સમય છે.

### શપથ લીધા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિશનનો સમાવેશ થાય છે. જસ્ટિસ ચંદ્રચુડ ૨૯ માર્ચ ૨૦૦૦ થી ૩૧ ઓક્ટોબર ૨૦૧૩ સુધી બોમ્બે હાઈકોર્ટના જજ હતા. તે પછી તેઓ અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા. જસ્ટિસ ચંદ્રચુડને જૂન ૧૯૯૮માં બોમ્બે હાઈકોર્ટ દ્વારા વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તે જ વર્ષે વધારાના સોલિસિટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે, જેઓ ભારતના ૫૦માં મુખ્ય ન્યાયાધીશ બનવા માટે તૈયાર છે, તેમણે સોમવારે કહ્યું કે જસ્ટિસ યુયુ લલિતના અનુગામી તરીકે, તેમના ખભા પર મોટી જવાબદારીઓ છે અને તેઓ આશા રાખે છે કે તેમણે જે "સારા કામ" શરૂ કર્યું છે તે ચાલુ રાખશે.

### મોહન રાઠવાએ ભગવો ખેસ ધારણ કર્યો

## પક્ષને મજબૂત કરવા હવે નવી નીતિ ઘડવી પડશે : નારણ રાઠવા

ગાંધીનગર, તા.૯

છોટાઉદેપુરના ધારાસભ્ય મોહન રાઠવાએ ભાજપનો ખેસ પહેરી અને ટોપી પહેરીને ભાજપમાં જોડાયા છે. મોહન રાઠવાના આ નિર્ણયથી ચૂંટણીના સમયે ગુજરાતમાં કોંગ્રેસને મોટો ફટકો લાગ્યો છે. ત્યારે છોટાઉદેપુરની રાઠવા ત્રિપુટીમાં ભંગાણ થયું છે.

છોટા ઉદેપુર વિધાનસભાના મોસ્ટ સિનિયર ધારાસભ્ય કોંગ્રેસને બાય બાય કહી ભાજપમાં જોડાયા છે. જેને લઈને રાજ્યસભાના સાંસદ નારણભાઈ રાઠવા દ્વારા પ્રતિક્રિયા આપી છે.

રાજ્યસભાના સાંસદ નારણભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે મોહનસિંહ રાઠવા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને વડીલ હતા અને કોંગ્રેસ પાર્ટીમાંથી એ છૂટા પડી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાવવાના સમાચાર મળ્યા.મોહનજીભાઈ રાઠવા કોંગ્રેસમાંથી જતા વ્યક્તિગત દુઃખ છે. સમાજના આગેવાન તરીકે અમારા સૌના સલાહકાર હતા અને અમારા એક પારદર્શક હતા અને તેઓ ભારતી જનતા પાર્ટીની સામે વર્ષો સુધી લડ્યા છે. આજે એ પાર્ટીમાં જાય છે ત્યારે મને પણ દુઃખ થાય છે. પરંતુ એમનો નિર્ણય સર્વોચ્ચ નિર્ણય છે. એમના મનથી નિર્ણય લીધો છે.

તમણે વધુમાં જણાવ્યું હતું કે, ભવિષ્યને ધ્યાનમાં રાખી લીધો હશે એટલે મારે કશું કહેવું નથી. પરંતુ પક્ષને નુકશાન કરતા છે એને ઉકેલવા માટે મારે નવી રણનીતિ, નવા પ્રોગ્રામો, નવા કાર્યકરો સાથે યુવાન કાર્યકરો સાથે ઉભા કરીને પાર્ટીને મજબૂત કરવાનું કામ ગોઠવીશું. અમારી રણનીતિ ધીરુભાઈ ભીલની જાહેરાત થતા એમને પણ કોઈ જાતની મુશ્કેલી આવવાની નથી. એમની સીટ પણ અમે કાઢવાના છીએ.